ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર)
નિયમો,૨૦૧૫ માં સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- તસખ/૧૦૨૦૧૯/૪૧/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- /૦૬/૨૦૨૧
12 JUN 2021

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦03/૨૭૧૨/અ (પા.ફા.) (તબીબી સારવારના નિયમો)
(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૮-03-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.30-૦૮-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧
(૪) હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૨૯/૦૯/૨૦૨૦ નો પત્ર ક્ર. હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/મેડીકલ/૨૦૧૬/૪૪૯૨-૪૪૯૩.

પ રિ પ ત્ર :-

રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો અને તેમના કુટુંબના સભ્યો માટે હાલમાં તબીબી સારવાર નિયમો વિભાગના સંદર્ભ- (૧) માં દર્શાવેલ તા.૨૪-૦૮-૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આ નિયમોનાં અમલમાં અનુભવે કેટલીક વહીવટી અને અર્થઘટનના પ્રશ્નો ઉભા થતા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૪) ના પત્રથી આ વિભાગને મળેલ રજૂઆત અન્વયે પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો,૨૦૧૫ તથા આનુષાંગિક ઠરાવોમાં નીચે મુજબની સ્પષ્ટતાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. :-

(૧) યુ.એન.મહેતા હોસ્પિટલ – અમદાવાદ સરકારી સમકક્ષ હોસ્પિટલ છે. આ હોસ્પિટલમાં જો કોઇ સરકારી કર્મચારી,અધિકારી,પેન્શનર કે તેઓનાં આશ્રિત દ્વારા હ્રદયરોગ અને હ્રદયરોગને લગતી આનુષાંગિક સારવાર (જેવી કે, **Cardiovascular Surgery & Cardiothorasic Surgery** વગેરે..) મેળવવામાં આવશે તો તેનું મેડીકલ રીએમ્બર્સમેન્ટ પણ મળવાપાત્ર થશે.

(૨) સરકારી / સરકારી સમકક્ષ હોસ્પિટલો ખાતે મેળવેલ તબીબી સારવાર અંતર્ગત રોગી કલ્યાણ સમિતિ દ્વારા આપવામાં આવતી ડોનેશનની પહોંચનું રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૩) મેડીકલ બિલોમાં પ્રતિ સહી કરતી વખતે જિલ્લાના સી.ડી.એમ.ઓ. /આર.એમ.ઓ. એ અધિક નિયામકશ્રી(ત.સે.) દ્વારા તા.૦૭/૦૯/૨૦૨૦ અને તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ કરેલ પરિપત્રની સુચનાઓ મુજબ પરિશિષ્ટ – ૨ માં નિયમ-(૨.૧૦)માં સુચવ્યા મુજબની આઇટમોના નામો CLUSTER નંબર, તેના સીરીયલ નંબર, પ્રોસીજર નંબર અને મંજુરીપાત્ર રકમ લાલ શાહીથી શબ્દોમાં અને આંકડામાં દર્શાવવાની રહેશે.

(૪) આ.પ.ક.વિ.નો તા.૨૮/૧૦/૧૯૯૫ નો ઠરાવ ક્ર.એમએજી/૧૦૯૦/યુ.ઓ./૧૮૬/અ રદ કરેલ હોય આ.પ.ક.વિ.ના તા.30/૦૮/૨૦૧૬ ના ઠરાવ અનુસાર ખાનગી હોસ્પિટલમાં ખાસ કિસ્સામાં અંદરના દર્દી તરીકે લીધેલ તબીબી સારવાર સમયે જો કર્મચારી/પેન્શનર તબીબી ભથ્થુ મેળવતો હોય તો પણ રૂ.૧૦૦૦/- ની કપાત કરવાની રહેશે નહીં.

(૫) નિયમ- ૫ અંતર્ગત સરકારી /સરકારી સમકક્ષ હોસ્પિટલ ખાતે પેકેજ સિવાયની કે બહારના દર્દી તરીકે લીધેલ સારવાર માટે રૂ.૫૦૦૦/- થી નીચેની રકમના તબીબી સારવાર ખર્ચના બિલોમાં સારવાર કરનાર વર્ગ-૧ ના રેગ્યુલર તબીબ હોય તો પ્રતિ સહીની જરૂર નથી. પરંતુ સારવાર કરનાર Visiting Faculty હોય તો સિવિલ સર્જનથી નીચેની કક્ષાના રેસીડેન્ટ મેડીકલ ઓફીસરની પ્રતિ સહી ફરજિયાત કરાવવી.

(૬) એમ્પેનલ્ડ હોસ્પિટલમાં ઓપીડી સારવારનું મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર નથી. ઓપીડી સારવાર માત્ર સરકારી હોસ્પિટલમાં જ લેવાની રહેશે.

(૭) નિયમ – ૧૧ માં પેન્શનર/પેન્શનરના આશ્રિતને પેશગી મળવાપાત્ર રહેશે નહીં.

(૮) આ વિભાગના તા. 30/૦૮/૨૦૧૬ ના ઠરાવ હેઠળ ખાસ કિસ્સાની દરખાસ્તો કર્મચારી / પેન્શનર બંન્નેના કેસમાં સબંધિત કચેરી મારફતે ખાતાના વડાને ત્યારબાદ સબંધિત વહીવટી વિભાગના વડાના અભિપ્રાય સહ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને રજૂ કરવાના રહેશે.પેન્શનરના કિસ્સામાં સબંધિત કચેરી નિવૃતિ સમયની કચેરીને ગણવાની રહેશે.

(૯) નિયમ -૧૫.૧ અન્વયે એવી દવાઓ કે જેની જેનરીક બ્રાન્ડ પ્રાપ્ય ન હોય તો જ એવી દવાઓ પ્રિસ્ક્રાઇબ કરવી અન્યથા પ્રાથમિક ધોરણે જેનરીક દવાઓ હોસ્પિટલમાં પ્રાપ્ય હોય તો તેને પ્રાથમિકતા આપવાની રહેશે. બને ત્યાં સુધી જેનરીક દવાઓ જ પ્રિસ્ક્રાઇબ કરવાની રહેશે.

(૧૦) નિયમ -૧૫.૪ અન્વયે ડાયાબીટીસના દર્દીઓ ગ્લુકોમીટરની ખરીદી કરે તો ડોક્ટરના અભિપ્રાય સાથેનું પ્રિસ્ક્રીપ્શન રજૂ કરવાનું રહેશે.

(૧૧) નિયમ – ૨૦ હેઠળ જે કર્મચારી/પેન્શનરએ મેડીક્લેઇમ મેળવેલ હોય તો ક્લેઇમ મંજુર થયાનો કંપનીનો ઓર્ડર/પત્ર સામેલ રાખવાનો રહેશે. મેડીક્લેઇમની રકમ મેળવ્યા બાદ મેડીક્લેઇમ કંપની જોડે બિલો પ્રમાણિત કરાવી કચેરીમાં રીએમ્બર્સમેન્ટ માટે રજૂ કરવાનું રહેશે. તથા આ બાબતનું રજૂ કરેલ સોગંદનામું રીએમ્બર્સમેન્ટ ની રકમના ચુકવણા માટે માન્ય રહેશે. મેડીક્લેઇમ લીધેલ ન હોય તો મેડીક્લેઇમ લીધેલ ન હોવા અંગેની બાંહેધરી/સોગંદનામું રજૂ કરવાનું રહેશે.

(૧૨) તા.૦૮/03/૨૦૧૬ ના ઠરાવના નિયમ-(૧૧.૧)(અ) અંતર્ગત કર્મચારીઓના કિસ્સામાં સરકારી / સરકારી સમકક્ષ હોસ્પિટલોમાં મેળવેલ સારવારના બિલો નાણાકીય મર્યાદા વિના ઉપાડ અને વહેચણી અધિકારીને મંજુર કરવાની સત્તા રહેશે.

(૧૩) તા.૦૮/03/૨૦૧૬ ના ઠરાવના નિયમ-(૧૧.૧) (બ.૨) માં પેન્શનરના કિસ્સામાં બિલ મંજુર કરવાની તમામ સત્તા સબંધિત જિલ્લા તિજોરી અધિકારીને રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નીલમ દેસાઇ)
સરકારના નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નાણાં સલાહકારશ્રી (આરોગ્ય) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક નિયામકશ્રી(તબીબી સેવા), ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સિવિલ સર્જનશ્રીઓ જનરલ હોસ્પિટલ.
- સર્વે અધિક્ષકશ્રીઓ, સરકારી હોસ્પિટલ (તમામ).
- સર્વે ડીનશ્રીઓ, મેડીકલ કોલેજ તથા ડેન્ટલ કોલેજ (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- સર્વે તબીબી અધિક્ષકશ્રીઓ સિવિલ હોસ્પિટલ, (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સહિત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- રાજ્યના તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.